# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૬ • તા.૩૦ જુલાઈથી ૦૫ ઓગસ્ટ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિ દ્વારા


## જ્ઞાતિ વડીલજનો માટે



# ધન્વંતરિ યોજના




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# દોસ્ત તો દિલદાર હોવો જોઈએ

ફ્રેન્ડ, દોસ્ત, મિત્ર, સખા, ભાઈબંધ, યાર. એક સંબંધ પણ અનેક સંબોધન. કોઈ કે ખરું કહ્યું છે જેની સાથે કોઈ સંબંધ નથી એ છે ભાઈબંધ. સગા ભાઈ જેવો જે બંધન બાંધે એ છે. ભાઈબંધ, દોસ્ત એટલે એવો ખભો જેની પર માથું મૂકી મુક્ત મને રડી શકાય ને ખડખડાટ હસી શકાય. દોસ્ત એટલે એવો લાઈફ જેકેટ જે આપણને ડૂબવા ન દે. એ સાથે હોય તો ગમે તેવા મઝધારમાંથી બહાર કાઢી લે. એ ક્યારે આપણને ઝૂકવા ન દે, ન રૂકવા દે. સતત આપણી સાથે આપણી આગળ તો આપણી પાછળ હોય. દરેક કપરી પળોમાં એમ્બ્યુલન્સ બનીને આપણને સુરક્ષા કવચ આપે, ફાયરબ્રિગેડ બનીને આપણા કષ્ટ ઠારે. આપણા ભપકાદાર સેલિબ્રેશનમાં ભલે મોડો આવે, પણ કપરા કાળમાં પહોંચનાર એ પહેલો શખ્સ હોય છે. આપણા દરેક ફંકશનમાં તેની હાજરી અચૂક હોય જ. ચટાઈ પાથરવાથી લઈને છેલ્લે ખુરશી ઉપાડવામાં પણ તેનો સાથ મળે.

પશ્ચિમના ચાળે ચડી ફ્રેન્ડશિપ ડે ભલે ઉજવાય. એક બેન્ડ બાંધી દેવાથી કંઈ આત્મીયતા ન બંધાય. મિત્ર એટલે પ્રકૃતિ એ આપેલું અણમોલ નજરાણું. ઈશ્વર જેને આપણા લોહીના સંબંધથી જોડવાનુ ભૂલી ગયા હોય એ વ્યક્તિને મિત્ર બનાવીને આપણી નિકટ લાવી દઈ પોતાની ભૂલ સુધારી લે છે. આપણા બધા દોષોનો અસ્ત કરી ઉજળા કરી દે એ છે દોસ્ત. જે દૂર હોવા છતાં આસપાસ છે. જે બધાથી ખાસ છે. જેનો પ્રેમ ભર્યો પાશ આપણી આસપાસ લાગેલો છે. એવો સંબંધ ભાઈબંધ ધરાવે છે. ભણવાની પરીક્ષામાં ભલે આપણી મદદ ન કરી શક્યો હોય. પણ જિંદગીની પરીક્ષામાં આપણા જોડ જોડ હોય છે. જિંદગીની એવી કપરી પરિસ્થિતિઓમાં કોઈ સગું સંબંધી ઊભું ન રહે પણ, મિત્રને આપણી પરિસ્થિતિની જાણ થતાં ખભે હાથ મૂકી જોડે ઊભો રહી જાય છે.

દોસ્તી કંઈ સ્ટેટસ જોઈને નથી થતી. ધર્મ જાતિ કે ઊંચ-નીચ રંકને રાયનો ભેદ પણ નથી જોતી એ માત્ર જુએ છે હૃદયની નિર્મળાતા. વાણીની પવિત્રતા અને સ્વભાવની સાદગી. દોસ્તી કંઈ લોહીનો સંબંધ નથી. એ દિલનો સંબંધ છે. કોઈને કહી ન શકાય એવી વાત જેને કહી શકાય એ દોસ્ત આમ દોસ્ત આપણી તિજોરી છે, સેફ્ટી લોકર છે. દોસ્તી ક્યારેય ખાસ માણસોથી નથી થતી. પણ જેનાથી દોસ્તી થાય એ લોકો ખાસ બની જાય છે. સારા મિત્રોની સોબત તથી ગમે તેવા સંકટ દૂર થઈ જાય છે. અનેક મુશ્કેલીઓ ખતમ થઈ જાય છે. પણ નઠારા મિત્રની સોબતને સંગત આપણને વિકટ મુશ્કેલીમાં ધકેલી દે છે. માટે દોસ્તની પરખ હીરા પારખુ નજરથી કરી શકાય.

ચંદ્રના અજવાળામાં આભમાં ઝીણા ઝીણા ટમટમતા તારલાઓ દેખાતાં નથી એનો મતલબ એ નથી કે તારાઓનું અસ્તિત્વ નથી. એવી જ રીતે સારા મિત્રો આકાશમાં ચમકતા તારલાઓ છે જે કોઈને ભલે ન દેખાતાં હોય પણ તેમનો સાથ આપણને સદાય મળી રહે છે. સારા, સુશીલ, નિર્વ્યસની મિત્ર સદ્ચરિત્રવાળા મિત્ર કોક હોય છે એને હીરાની જેમ પરખવા જોઈએ. દોસ્તાર સાથે લોહીનો નહીં દિલનો સંબંધ છે. જે વાત કોઈને ન કહી શકાય એ વાત જેને બેજિઝક કહી શકાય એ છે. દોસ્ત, જેથી સાથે હસી શકાય એ નહી પણ જેની સાથે રડી શકાયએ છે. દોસ્ત આવા મિત્રો જેના જીવનમાં હોય તેને જીવન જીવવા જેવું લાગે છે. કવિ મિત્ર મેઘબિંદુએ દોસ્ત માટે લખ્યું છે. 'હોય ભલે સંકુચિત આખું જગત, પણ, દોસ્ત તો દિલદાર હોવો જોઈએ.'

– જય જ્ઞાતિમૈયા

# સફળતાના પરિબળો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

કાર્ય સિધ્ધિ માટે માત્ર પરિશ્રમ કે પુરુષાર્થથી સફળ થવાતું નથી પણ એ માટે કાળ, સ્વભાવ, નિયતિ, પુરૂષાર્થ અને કર્મનો સમન્વય જરૂરી છે. આમાં કોઈપણ એક કારણમાં કચાશ હોય, નબળાઈ હોય તો સફળ થવાતું નથી. ધાર્યું પરિણામ પ્રાપ્ત થતું નથી. માત્ર પુરૂષાર્થ કરવાથી સિધ્ધિ મળશે એવું ચોક્કસ નથી. પરિશ્રમ એવું ભાગ્યનું છે. આપણે જેટલી માથાકૂટ કરીએ મથામણ કરીએ, જે કાર્યની સાર્થકતા, સફળતા જે સમય થવાની હોય છે તે જ સમયે થાય છે. આ માટે કાળ મહત્વનો છે. કાળ એટલે અવસ્થા. જે પછી બાલ્યા, કિશોર, યુવા, વૃધ્ધાવસ્થા પણ હોય. આ સમય અને સંજોગ અનુકૂળ બને ત્યારે જ કાર્ય સિધ્ધિનો યોગ થાય છે.

એ જ પ્રમાણે સ્વભાવ અને એની સાથો સાથ વર્તાવ. પ્રકૃતિ અને વિચાર, વલણ પણ કાર્યની સફળતા અને નિષ્ફળતા માટે મહત્વની હોય છે. એવી જ રીતે નિયતિ પણ મોટું કારણ છે. દેવયોગ નિર્ધારિત કરેલ હોય એ સમય જ નિર્ધારિત ઘડી સર્જાય છે. આ નસીબ કે કિસ્મત કે ભાગ્યના સંયોગના લીધે જ સફળતા રચવાનો બળ બને છે.

સમય, સંજોગ, પ્રયત્ન અને કાળનો યોગ એ સાથો સાથ પુરૂષાર્થનો પરિબળ આમાં ભળે અનુકૂળ યોગ ઘડાય ત્યારે પરિણામ સફળતા રૂપે આવે છે. ઘણીવાર આ બધા કારણોમાં થોડી ઘડી કમી હોય તો નિષ્ફળતા હાથ લાગે છે. ઊંધું ઘાલીને મસ્ત રહેવાથી મંઝિલ હાંસિલ નથી થતી. બધા સાનુકૂળ સંજોગો હાજર હોય પણ પુરૂષાર્થમાં અધૂરપ હોય તો સફળતાનો શિખર મળતો નથી.

કર્મના બળે, તેના પરિપાક રૂપે દરેક કારણો સાનુકુળ બનીને પરિણામ લક્ષી બને છે. દરેકનો સમન્વય મળીને કાર્યસિધ્ધિને વરે છે માટે કર્મને કારણે બધા કારણો સાનુકૂળ થઈ પરિણામ આપે છે આને લીધે વિપરીત સંજોગોમાં પણ આપણને સફળતા મળે છે.

આમ કાર્યસિધ્ધિ માટે દરેક સંજોગો એટલે કાળ, સ્વભાવ, નિયતિ પુરૂષાર્થ અને કર્મનો સંજોગ અને સંયોજન પરિણામ માટે પરિબળ રૂપ બને છે અને આમાં કોઈ એક કારણમાં કોઈ કચાશ કે ઊણપ અવરોધ સર્જે છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ. સમસ્ત જૈન મહાજનની

# સ્વાભિમાન સમિતિ દ્વારા ધન્વંતરિ યોજના



શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની સિનિયર સિટીઝન માટેની સ્વાભિમાન સમિતિ દ્વારા જ્ઞાતિ વરિષ્ઠજનો વડીલો માટે નવીન અને નવતર કલ્પના ધરાવતી યોજના પ્રસ્તુત કરી છે. જેમાં આ યોજના હેઠળ સ્વાભિમાન સમિતિ દ્વારા જ્ઞાતિના દરેક જરૂરિયાતમંદ વરિષ્ઠ નાગરિકોને દર મહિને રૂા.૧ હજાર સુધી દવાની જરૂરિયાત માટે સહાય આપશે તેમજ આ ઉંમરે થતી ચાલવામાં તકલીફને રાહત આપવા Walking Stick અથવા Walker તથા કમરપટ્ટા વિગેરે પણ પ્રદાન કરશે.

આ યોજનાનો લાભ નીચે મુજબ યોગ્યતા પ્રાપ્તને મળશે. ૧) ઉંમર વર્ષ ૬૫ થી ઉપરના જ્ઞાતિજનને ૨) કુટુંબની આવક મહિને રૂા.૧૫ હજારથી નીચે (એકલા અથવા બીજા કુટુંબઓ સાથે રહેતા હોય તે મળીને)

આ યોજના શરૂ કરવા માટે અત્યારે સ્વાભિમાન સમિતિના કમિટીના સભ્યોએ કુલ્લ રૂા.૪ લાખનો ભંડોળ જમા કર્યો છે. આગળ જતાં આ યોજનામાં વધારે જ્ઞાતિજનોને આવરી લેવા તથા વધારે સહાયતા આપીને યોજનાને સફળતાપૂર્વક લાંબાગાળા સુધી સંચાલિત રાખવા જ્ઞાતિના દાનવીર શ્રેષ્ઠીઓને આગળ આવીને ઉદારતાથી આ વડીલોજનો માટે કલ્યાણકારી યોજનામાં સહભાગી થવા ભાગીદાર થવા નમ્ર અપીલ કરે છે.

નોંધ : ધન્વંતરી યોજનામાં નોંધાવેલ ફાળાની રકમને ઈન્કમ ટેક્સ અંતર્ગત ૮૦જી નો લાભ લઈ શકાશે.

આ યોજનાનો લાભ લેવા, ફાળો નોંધાવવા તથા યોજના વિષે વધુ માહિતી માટે નીચે લખેલ કોઈપણ પદાધિકારીનો સંપર્ક કરવા વિનંતી. કન્વીનર - હંસકુમાર બી. ખીમજી, ચેરમેન શ્રીમતી હેમાબેન ગુલાબ છેડા-બેંગલોર-9844044428, વાઈસ ચેરમેન રાયચંદ દેવશી જીવાણી-ડોંબિવલી-8779875109, સભ્ય તેજપાલ લખમશી ધરમશી-9870070027, સભ્ય વીરચંદ નરશી લોડાયા, સભ્ય શ્રીમતી અમિશા રવિન્દ્ર મુનવર-બેંગ્લોર, પદમકુમાર ડી. નાગડા, સુજીવ જે. સોની, દિલીપ આર. નાગડા, કિશોર ટી. રતાણી, પ્રદિપ એ. ખોના.

ચાલો સૌ આ યોજના દ્વારા જરૂરિયાતમંદ જ્ઞાતિ વરિષ્ઠ નાગરીકોની સેવા કરવાની તક લઈને ગર્વ અનુભવીએ. આ યોજનાને સમગ્ર જ્ઞાતિમાં ફેલાવવા માટે સહુ પાસે ઉમદા સહકારની અપેક્ષા સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિ રાખે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની સ્કીમ દ્વારા જરૂરતમંદોને જ્ઞાતિજનો દ્વારા પલભરમાં મળતી સહાય

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ જ્ઞાતિજનો માટે ઉપયોગી યોજના સંચાલિત કરી રહ્યું છે. સંજીવની યોજના જે અણધારી આપદામાં, અચાનક બિમારીમાં મોટા ખર્ચ સપડાઈ જતા જેમનો વીમો નથી કે મોટી એવી કોઈ બચત નથી એવા નાના, નબળાં જરૂરિયાતવાળા જ્ઞાતિજનોને ન કહીં શકે ન સહી શકે એવી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. આવા આપદાગ્રસ્તથી ચિંતિત મેડિકલ સમિતિ પાસે પોતાના ઓપરેશન સારવાર અને ઈલાજ માટેનો એસ્ટીમેટ ખર્ચ અને અન્ય કાગળ પત્ર વગેરે રજૂ કરે જેનો સમિતિના એક્સપર્ટ સભ્યો તાત્કાલિક ચર્ચા વિચારણા અને સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોને કન્સલ્ટ કરી વિગત સમજે અને ક્રાઉડ ફંડિગ માટે મુકે. જે ફંડ ટૂંક સમયમાં ઉદાર દિલ જ્ઞાતિ દાતાઓના આત્મીય સપોર્ટથી ભંડોળ પૂરો થઈ જતાં તત્સમયે આ ફંડ જે તે અરજીકર્તાની હૉસ્પિટલમાં ટ્રાન્સફર કરી દેવાય છે. દર્દી કોઈપણ હૉસ્પિટલમાં પોતાની સગવડ, રોગની ઈમર્જન્સી અને ઓપરેશન સારવાર માટે અત્યાધુનિક ટ્રીટમેન્ટ આપતી હૉસ્પિટલમાં દાખલ થઈ શકે છે. આ માટે મેડિકલ સમિતિનો કંઈ બંધન નથી હોતું.

સંજીવની યોજનાના અરજીકર્તા ચિંતીત ચહેરે આવે છે અને હસતા-ખુશ થતાં વાપિસ સ્વઘરે સિધાવે છે. આ યોજનાની સફળતાં જ્ઞાતિના ઉદારદિલ દાતાશ્રેષ્ઠીઓનો મહત્વનો ફાળો છે કે કદી વિસરી ન શકાય.


**દેવલાલી**



**દેવની લાલી જેવા નૈસર્ગિક વાતાવરણમાં**

૧,૨,૩ બેડરૂમના ફ્લેટો,
૨,૩,૪,૫ બેડરૂમના રો હાઉસ/બંગલા,
લેવા/વેચવા, રેડી પઝેશન/અન્ડર કન્ટ્રક્શન, વાર્ષિક ધોરણે ભાડેથી.

**આશાપુરા એસ્ટેટ કન્સલટન્ટ (Ashapura Estate Consultant)**

**પરેશ રાયચંદ શામજી ધરમશી (સુથરી)**
PARESH RAYCHAND DHARAMSHI - ESTATE CONSULTANT
9930803959
9930106054

Committee Member : The Estate Agents Association of India
Life Member : Ghatkopar Real Estate Association
Mahaera No. : A51800002926 (મહારેરા રજીસ્ટ્રેશન બ્રોકર)
E-mail ID : pareshdharamshipropertydelar@gmail.com

# સંજીવન કેસ નં.૭૯ની મદદ અરજી માટે ૨.૭૫ લાખની ટહેલ

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 79

## DONATION NEEDED!

### Mrs USHABEN SHAILESH DAND

**Age: 53 - VASHI(NAVI MUMBAI) - DALTUNGI**

**Diagnosed with Triple Vessel Disease.**
**Needs to undergo CABG ( Cardiac Surgery) at**
**Sir Kikabhai Premchand Cardiac Hospital.**



KDO SANJIVANI

**DONATION REQUIRED**
**Rs.2.75 Lakh**

**Bank Details:**
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda    Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW    MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

શ્રીમતી ઉષાબેન શૈલેશ દંડ દલતુંગી વાશી ઉ.વ.૫૩ ત્રણ સપ્તાહ પૂર્વે બલ્ડ પ્રેશર વધવાને કારણે અને એન્જીનાની તકલીફને લીધે અર્જન્સીને કારણે વાશીની હોસ્પિટલમાં દાખલ કરાયા છે અને તેમના પર ટુડી એકો અને એન્જીયોગ્રાફી કરાયા છે. ડોક્ટરોએ નિદાન કર્યું છે કે તેમના હૃદયમાં મલ્ટીપ્લે બ્લોકેજ છે તથા ટ્રીપલવેસલ ડિસીઝસને કારણે કાર્ડિયાક સર્જરી (CABG) કરવી જરૂરી છે.

ઉષાબેન પોતે ગૃહિણી છે. તેમના પતિ અનાજ વેપારી પાસે વાશીમાં નોકરી કરે છે. તેમનો થોડો વીમો હતો જે હોસ્પિટલેઝન વખતે વપરાઈ ગયો છે. અન્ય કોઈ વીમો કે બચત નથી હાલે ઓપરેશન સારવાર ઈલાજ માટે રૂા.૨.૭૫ લાખની જરૂરિયાત માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે ગુહાર લગાવી છે.

અગાઉના દરેક સંજીવની કેસોમાં સૌએ અનુમોદનીય રીતે ટેકો આપ્યો છે એવો સાથ ઉષાબેન દંડની માટે આપીને તેમની હિંમત વધારીએ અને તેઓ સુખરૂપ, સુયોગ્ય ટ્રીટમેન્ટ મેળવી સ્વઘરે પાછા જાય એવો પ્રયત્ન કરીએ.

દાતાઓને ૮૦જી અંતર્ગત બેનિફિટ મળે છે જે માટે પેનકાર્ડ અને આધાર કોપીની નકલ આપવી જરૂરી રહેશે. ઉદાર દિલ જ્ઞાતિ દાતાઓના ઉમદા સહકારની અપેક્ષા મેડિકલ સમિતિ ધરાવે છે.

# શ્રી સિધ્ધાચલ ગુણ કલા સિનિયર સિટીઝન તળેટી ૯૯ યાત્રામાં જોડાવા માટેના ફોર્મ

**શ્રી શત્રુંજય મહાતીર્થ "૯૯" યાત્રામાં જોડાવવા માટેનું ફોર્મ**

યાત્રિકનું સંપૂર્ણ નામ ........................................................................................................

ગામ ............................ઉંમર.......સ્ત્રી/પુરૂષ.............મોબાઈલ નં...............................વોટસ્એપ નં..............................

સંપૂર્ણ સરનામું ........................................................................................................

નજીકના સંબંધીનું નામ ........................................................................................................

મોબાઈલ નં. ........................................................................................................

અગાઉ કોઈ "૯૯" યાત્રા કરી છે? શત્રુંજય હા ☐ / ના ☐, ગિરનારજી યાત્રા હા ☐ / ના ☐

નિયમિત તપસ્યા ........................................................................................................

કોઈ મોટી બિમારી ........................................................................................................

"૯૯" યાત્રામાં જોડાવવાની સંમતિ આપશો હું છ'રી ના નિયમ પૂર્વક અને આપના નિયમો/સુચનાને આધીન યાત્રામાં જોડાઈશ.

(*899)

(યાત્રિકની સહી)

શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ મુંબઈ દ્વારા તા.૯ સપ્ટેમ્બર શુક્રવાર ભાદરવા ૧૫ થી તા.૯ ઓક્ટોબર ૨૦૨૨ રવિવાર આસો સુદ ૧૫ સુધીની શ્રી સિધ્ધાચલ ગુણ કલા સિનિયર સિટીઝન તળેટી ૯૯ યાત્રાનું આયોજન કરાયું છે.

૧) જેમણે પૂર્વે તળેટી ૯૯ યાત્રા ન જ કરી હોય એવા આરાધકોને જ પ્રવેશ મળશે. ૨) આવવા જવાની ટિકીટ પોતાની રીતે સ્લીપર ક્લાસની કઢાવી લેવી. ૩) તા.૮ સપ્ટેમ્બર ગુરૂવાર સુધી આવી જવું અને તા.૧૦ ઓક્ટોબરના દિવસની જવાની ટિકીટ લેવી. છ'રી પાલન કરવું જરૂરી છે. જેમાં એકાસણું, ભૂમિ સંથારી, બ્રહ્મચારી, પાદ વિહારી, સચિત પરિહારી, આવશ્યકારી (ક્રિયા, પ્રતિક્રમણ દેવ વંદન આદી) આ નિયમો પાલન કરવાના હો તો જ ફોર્મ ભરશોજી. મર્યાદિત યાત્રિકો લેવાના હોવાથી બીજાને લાભ મળી શકે. સાથે આપેલ ફોર્મ જરૂર પડે તો ઝેરોક્સ, પ્રીન્ટ આઉટ કરાવી લેવા અને નીચેના કોઈપણ સ્થળે પહોંચાડવા અથવા કુરીઅર કરવા.

૧) શ્રી અચલગચ્છ જૈન સંઘ શ્રી સુવિધનાથ જિનાલય, ડોંબિવલી (પૂર્વ) ૨) શ્રી અચલગચ્છ જૈન સંઘ શ્રી સુમતિનાથ જિનાલય, મુલુંડ (પૂર્વ) ૩) શ્રી કચ્છી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય ઘાટકોપર (પૂર્વ) ૪) શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિ મહાજન શ્રી અનંતનાથ જિનાલય ખારેક બજાર, મસ્જિદ બંદર ૫) શ્રી દાદર કચ્છી જૈન સંઘ શ્રી શીતલ જૈન દેરાસર, દાદર પૂર્વ ૬) શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ જોગેશ્વરી પૂર્વ ૭) શ્રી દહીંસર અચલગચ્છ જૈન સંઘ મિસ્કિટા નગર, દહીંસર પૂર્વ.

વધુ વિગત માટે સંપર્ક પરેશભાઈ ગાલા-૯૮૨૧૦૫૬૪૦૧, ૯૩૨૪૧૩૭૭૮૦, કાંતિ ગડા-૯૬૧૯૯૯૨૨૪૫, જયંતભાઈ નાગડા-૮૮૦૬૬૬૬૯૯૦, હરખચંદ છેડા ઉમરગામ-૯૬૮૭૨૪૫૫૫૨.

દાતા આવકાર્ય છે. મુખ્ય દાતા રૂા.૨ લાખ, આયંબિલ મિતિ રૂા.૫૧ હજાર, એકાસણ મિતિ રૂા.૩૬ હજાર.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

- KDO JAIN GLOBAL CARD
- KDO Swaroj
- KDO BUSINESS
- KDO SANJIVANI
- KDO दिव्यांग
- स्वाभिमान
- AAWAAS
- KDO UDAAN

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# અમદાવાદ નગરના મણિનગર સંઘમાં શંખેશ્વર દાદાની ભાવયાત્રા ઉલ્લહાસ ભાવ સાથે સંપન્ન થઈ





તા.૨૪ જુલાઈ રવિવારના દિને ગુજરાત રાજ્યના ઐતિહાસિક નગર અમદાવાદના મણિનગર સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ની નિશ્રામાં શ્રી શંખેશ્વર દાદાની ભાવયાત્રા ઉલ્લાસપૂર્વક સાથે સંપન્ન થઈ. ભાવ યાત્રા બાદ લાભાર્થી પરિવાર દ્વારા સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ.

ભાવયાત્રાના લાભાર્થી પરિવાર માતુશ્રી વિમળાબેન પ્રફુલ્લ મોતાની પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી ગંગાબેન હેમરાજ રાયમલ મોતા કચ્છ સુથરીવાળા પરિવાર.





## શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા પર્યુષણ બાદ ચૈત્ય પરિપાટીનું આયોજન

પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન શ્રાવકના ૫ કર્તવ્યો પૈકીનું એક કર્તવ્ય એટલે ચૈત્ય પરિપાટી શ્રી કદઓ મંડળ ડોંબિવલી દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ચાલુ વર્ષે પર્વાધિરાજ પર્વના સમાપન બાદ ચૈત્ય પરિપાટી રૂપે ખાનદેશ તરફ પારોલા ધુલિયા, બલસાણા, નેર, અમલનેર આદિ તીર્થોના દર્શન વંદન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

યાત્રા પ્રવાસ ૨ × ૨ પુશ બેક એસી બસ દ્વારા થશે. પ્રસ્થાન તા.૯ સપ્ટેમ્બર શુક્રવાર રાતે ૧૧ કલાકે અને પરત આગમન તા.૧૧ સપ્ટેમ્બર રવિવાર રાતે. નકરો પ્રતિ વ્યક્તિ દીઠ રૂા.૧૮૦૦ નોન રીફંડેબલ. વહેલો તે પહેલોના ધોરણે નામ નોંધાવવાની અંતીમ તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૨. નોંધ ૧) ઉતારાની વ્યવસ્થા ધર્મશાળા મધે ૪/૫ વ્યક્તિઓની સાથે કરવામાં આવશે. ૨) સાધર્મિક ભક્તિની વ્યવસ્થા ભોજનશાળામાં કરવામાં આવશે. ૩) વધારે વિગત માટે મંડળના કાર્યાલય મધે સંપર્ક કરવો.

શ્રી કદઓ મંડળ ડોંબિવલી વતી જયેશ કુંવરજી લાલકા વારાપધ્ધર (ઉપપ્રમુખ)-૯૦૦૪૦૩૯૨૧૯

# દિગ્રસ સંઘમાં કલ્યાણ મંદિર પૂજન સાથે ધર્મ આરાધના કરાઈ





દિગ્રસ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કલ્યાણમંદિર પૂજનનું આયોજન કરાયું. આ ધર્મ આરાધનામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ મોટી સંખ્યામાં જોડાઈ ધન્ય લાભ લીધો હતો.

# યવતમાલ સંઘમાં ૪૫ આગમ પરિચય અનુષ્ઠાન સંપન્ન થયા





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ યવતમાલના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં ૪૫ આગમ પરિચય અનુષ્ઠાન અદ્‌ભૂત ધર્મભાવ સાથે સંપન્ન થયા.

## કચ્છના રાયધરજર નગરે પુષ્પ નક્ષત્ર નિમિત્તે નવકાર મંત્રના અખંડ જાપ અદ્‌ભૂત ભાવ સાથે થયા

કચ્છ વિભાગના અબડાસા પ્રાંતના રાયધરજર ગામના સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રીપૂર્ણગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સવારે ૬ કલાકથી સાંજે ૬ સુધી પુષ્પ નક્ષત્ર નિમિત્તે નવકાર મંત્રના અખંડ જાપનું આયોજન કરાયું હતું.





# નવી મુંબઈ સંઘમાં નવકાર મંત્રના ૬૭ તીર્થ વંદના અનુષ્ઠાન કરાયા





શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનું વર્તીની સંયમૈકલક્ષી પ.પૂ.સાધ્વીશ્રી મનહરશ્રીજી મ.સા.ના શિષ્યા વર્ધમાન તપોનિધિ પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વાંચયમાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં રવિવાર તા.૨૪ જુલાઈ સવારના ૯ કલાકથી સંગીતકાર બ્રિજેશ સાવલા અને સાથી કલાકારોના સંગાથે નવકાર મંત્રના ૬૭અક્ષરો ઉપર ૬૭ તીર્થ વંદના અનુષ્ઠાન ભાવપૂર્વક થયા.

અનુષ્ઠાનના દાતા પરિવાર માતુશ્રી લીલબાઈ ઉમરશી ગોસર-ડુમરા, શ્રીમતી હેતલતાબેન રસિકભાઈ નાગડા-ચાંગડાઈ.

# સૂરત સંઘમાં અહો આશ્ચર્યમ જૈન વિજ્ઞાનામ વિષે ગણિવર્ય ભગવંત મહારાજ સાહેબનું મનનીય પ્રવચન

સૂરત અચલગચ્છ જૈન શ્રી સંઘમાં ચાતુર્માસ બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી શિષ્ય ગુરૂ ગુણ કૃપા પાત્ર મારવાડ રત્ન જિનવાણીના જાદુગર પ.પૂ.ગણિવર્ય ભગવંત શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો ધર્મમાં વિજ્ઞાન, વિજ્ઞાનમાં ધર્મ વિષે મનનીય આપતા અહો આશ્ચર્યમ જૈન વિજ્ઞાનામ વિષેયક પ્રવચન ૩.૧૮ કલાકનો પાર્શ્વ કમલ પરિવારની યુટ્યૂબ લિંક https://youtu.be/Nt3gJ-9g-ug ઉપર ઘરબેઠા માણી શકશો.

# સાંતાક્રુઝ સંઘના આંગણે ગુરૂ પુષ્પ નક્ષત્રના નવકાર જાપ અનુષ્ઠાન સાનંદ પૂર્વક થયા







શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી નયનદર્શનાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે ગુરૂ પુષ્પ નક્ષત્રના શ્રી નવકાર જાપ અનુષ્ઠાન સાનંદ સંપન્ન થયા.

# મુલુંડ (પૂર્વ) સંઘમાં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અનુષ્ઠાન ભાવપૂર્વક થયા



તા.૨૪ જુલાઈ રવિવારના દિને મુલુંડ (પૂર્વ) સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી કિર્તન ગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તત્વાર્થગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજીના અનુષ્ઠાન ખૂબજ ઉલ્લાસ ઉત્સાહ અને ઉમંગના ભાવ સાથે કરાયા.

# એમ.પી.રાજ્યના ખંડવા સંઘમાં શક્રસ્તવ અભિષેકની ધર્મઆરાધના થઈ







મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા સંઘમાં તા.૨૪ જુલાઈ રવિવારના રોજ સવાર સમયે પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થ ધામમાં શક્રસ્તવ અભિષેક કરી ધર્મ આરાધના ભાવપૂર્વક કરાઈ.

# આદિપુર સંઘમાં ચોવીસ તીર્થંકર પૂજન અદ્ભૂત સાથે સંપન્ન થયા





પૂર્વ કચ્છ વિભાગમાં આદિપુર સંઘમાં રવિવાર તા.૨૪ જુલાઈના સવાર સમયે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.એ ચોવીસ તીર્થંકર પૂજન સરસ ભક્તિભાવથી કરાયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી ધર્મ લાભ લીધો હતો.

# રાજસ્થાનના બાડમેર નગર સંઘમાં નવકાર મહામંત્રના મહાઅનુદાન ધર્મભાવ સાથે થયા





રવિવાર, તા.૨૪ જુલાઈના રોજ રાજસ્થાન પ્રદેશના બાડમેર નગરની ધન્ય ધરા પર સ્થિત શ્રી ગુણસાગરસૂરિ સાધના ભવનમાં પ.પૂ.મુનિરાજશ્રી તીર્થ રત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં નવકાર મહામંત્રના મહાઅનુષ્ઠાન ધર્મભાવ સાથે થયા.





# શંત્રુજય મહાતીર્થ અચલ ચાતુર્માસોત્સવના દૈનિક ક્રમાનુસાર અચલગચ્છાધિપતિ મહારાજ સાહેબ શ્રી શત્રુંજય તળેટી દર્શનાર્થે

શાશ્વતા શ્રી શંત્રુજ્ય મહાતીર્થે શ્રી સિધ્ધાચલ ગુણ કલા ચાતુર્માસ સંઘ બાડમેર આયોજિત અચલ ચાતુર્માસત્સવના નિશ્રા દાતા રાજસ્થાન દક્ષિણ દીપ સાહિત્ય સમ્રાટ ગુરૂગુણ સિંધુસૂરિ પટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી .સા. દૈનિક ક્રમાનુસાર પ્રાતઃકાલે સકલ શ્રી સંઘ સાથે વાજતે ગાજતે સંવત ૨૦૭૮ શ્રાવણ સુદ ૩ના શનિવાર તા.૩૦ જુલાઈના શ્રી શત્રુંજ્ય તળેટી દર્શનાર્થ કર્યા.

# સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં ૨૪ ભગવાનના અષ્ટપ્રકારી પૂજાના અનુષ્ઠાન કરાયા

મુંબઈ મહાનગરના વેસ્ટર્ન વિભાગના ઉપનગર સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં અજીત કુંથુ જિનાલયમાં પ.પૂ.સાધ્વીશ્રી નયનદર્શનાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં રવિવાર, તા.૨૪ જુલાઈના રોજે ૨૪ ભગવાનના અષ્ટપ્રકારી પૂજાના અનુષ્ઠાન અદ્‌ભૂત ભાવ સાથે ધર્મભક્તિ સાથે કરાયા.

# પાર્લા ઈસ્ટ સંઘમાં પ.પૂ.સા.શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.ની ગુણાનુવાદ સભા યોજાઈ




પાર્લા ઈસ્ટ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.ના કાળધર્મ નિમિત્તે ગુણાનુવાદ સભા તા.૨૪ જુલાઈ રવિવાર બપોરે ૨ કલાકે ચીમનભાઈ મેઘજી મોતા વારાપધ્ધરના પ્રમુખ સ્થાને પ.પૂ. સા.શ્રી જયગુણશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી મૌનગુણાશ્રીજી મ.સા. આદિ શ્રમણી ભગવંતોની નિશ્રામાં યોજાઈ અનેક સંઘોના અધિકારીઓની સંગાથે આ આયોજન થયું.






## મુલુંડ પૂર્વ સંઘમાં ગુરૂપુષ્પ યોગે વર્ધમાન શક્રસ્તવ અભિષેક કરાયા




તા.૨૮ જુલાઈ ગુરૂવારના ગુરૂપુષ્પ યોગ નિમિત્તે પ.પૂ.સાધ્વીશ્રી કિર્તનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની નિશ્રામાં વર્ધમાન શક્રસ્તવ અભિષેકનું સુંદર આયોજન કરવામાં આવેલ. અઢળક હરખ અને ઉમદા ધર્મભાવ સાથે બહોળી સંખ્યામાં ભાવિક ભાઈ બહેનો જોડાયા હતા.

# વિવિધ જૈન સંપ્રદાયો અને સાધુ-સાધ્વીજીઓનું સંખ્યાબળ વિષે રોચક જાણકારી

આપણા કેડીઓ કવિઓ જ્ઞાતિના ૫૨-૪૨ ગામોમાં જૈન ધર્મના વિવિધ ફિરકાઓ કે સંપ્રદાયો ની સંખ્યા લગભગ સાત જેટલી છે. આ દરેક ગચ્છ કે સંપ્રદાયોમાં કેટલા સાધુ અને સાધ્વીજીઓ આજના વર્તમાનકાળમાં વિચરી રહયા છે તેની સંખ્યા નીચે મુજબ છે. જે ગચ્છનું સંખ્યાબળ ઓછું છે તેનું નામ પ્રથમ છે અને તે પછીના નામો ચઢતા ક્રમમાં ગોઠવેલ છે.

| ગચ્છ/સંપ્રદાયનું નામ | સાધુજી | સાધ્વીજી | કુલ |
|---|---|---|---|
| આઠ કોટી નાની પક્ષ (સ્થાનકવાસી) | ૦૧૫ | ૦૩૫ | ૦૫૦ |
| પાર્શ્વચંદ્ર ગચ્છ (દ્હેરાવાસી) | ૦૦૬ | ૦૪૫ | ૦૫૧ |
| લીંબડી અજરામર-પ્રકાશ મુની સંઘાડો | ૦૦૭ | ૦૪૬ | ૦૫૩ |
| લીંબડી અજરામર-ઉજ્જ્વલ મ.સ.સંઘાડો | ૦૦૫ | ૦૮૪ | ૦૮૯ |
| આઠ કોટી મોટી પક્ષ (સ્થાનકવાસી) | ૦૧૪ | ૦૯૧ | ૧૦૫ |
| લીંબડી અજરામર-ભાવ મુની સંઘાડો | ૦૧૭ | ૨૧૨ | ૨૨૯ |
| અચલગચ્છ (દ્હેરાવાસી) | ૦૪૯ | ૨૭૦ | ૩૧૯ |
| **ટોટલ** | **૧૧૩** | **૭૮૩** | **૮૯૬** |

ઉપરોક્ત માહિતી હાલ દરેક સંપ્રદાયોએ સવંત ૨૦૭૮ (સને ૨૦૨૨) માટે બહાર પાડેલ ચાતુર્માસ સૂચીના આધારે તૈયાર કરેલ છે. ઉપરોક્ત દરેક ગચ્છના સંખ્યાબળમાં આપણા જ્ઞાતિના ૫૨-૪૨ ગામો સિવાય વાગડ, હાલાર, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મારવાડ પ્રાંતોના સાધુ-સાધ્વીજીઓનો સમાવેશ થાય છે. કુલ ૮૯૬ સાધુ સંતોમાંથી આપણા ૫૨-૪૨ ગામના સાધુ-સાધ્વીજીઓની સંખ્યા લગભગ ૪૭૮ જેટલી છે.

સૂચના : ઉપરોકત માહિતી કે લખાણમાં ભૂલ ચૂક હોય તો અવશ્ય જણાવશો.

(સંકલિત માહિતી)

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**હીરાલાલ મોમાયા**
તા.૨૪ જુલાઈ (ઉ.૮૨)
અંજાર-વરાડીયા



**વિનોદ મોતા**
તા.૨૭ જુલાઈ (ઉ.૬૩)
મોટીધ્રુફી-મુંદ્રા



**કાંતા નાગડા**
તા.૨૮ જુલાઈ (ઉ.૬૯)
મોટી સિંધોડી-હૈદ્રાબાદ



**ગુલાબચંદ મહેશ્વરી**
તા.૨૯ જુલાઈ (ઉ.૮૧)
જખૌ-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના પશુ પાલકો, ધરતી પુત્રો અને માલધારીઓની ચિંતા કરતી સરહદ ડેરી દ્વારા અમૂલ બ્રાન્ડની આઈસ્ક્રીમ ઉત્પાદનનો ૩૦ કરોડ રૂા.ની લાગતે નિર્માણ કરશે. આ પ્લાન્ટ દૈનિક ૫૦ લાખ લિટર દૂધમાંથી અમૂલ બ્રાન્ડનો વિવિધ આઈસ્ક્રીમ તૈયાર કરશે. આ પ્લાન્ટ માટે અમૂલ ડેરીની મંજૂરી પણ મળી ગઈ છે.

● બન્ની વિસ્તારના સિણિયાડો ગામના માજીખાને બનાવેલી ૬ ફૂટની મડવર્કની ફ્રેમને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળતા જિલ્લાની પ્રખ્યાત લીંપણ કલાને રાષ્ટ્રીય સ્તરે મોટો શિરપાવ મળ્યો છે.

● સંશોધન ક્ષેત્રે કચ્છ યુનિવર્સિટી દ્વારા મહત્વની સિધ્ધિ મેળવી છે. રસાયણના વિદ્યાર્થીઓ દ્વારા થયેલા સંશોધનોની એક સાથે બે પેન્ટન ફાઈલ કરવામાં આવી છે. જે સાથે આ શોધને પ્રોવિઝનલ સાઈટ પેટન્ટ નંબર મળી ગયા છે. ઘઉં ખાવા લાયક છે કે નહીં તે ચકાસવાની રેપિડ પરીક્ષણ પધ્ધતિની પેટન્ટ જે દેશભરમાં સૌથી સારી બે પધ્ધતિમાં સ્થાન મળ્યું છે તથા નાળિયેરીમાં જંતુનાશક દવાઓ ના રહેલા પ્રમાણને ચકાસવા માટેની રેપિડ ટેસ્ટની પધ્ધતિની પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે. દર્દીઓને નાળિયેરીનું પાણી પીવાની ડોક્ટરો ભલામણ કરે છે. પરંતુ બહુજ જોખમી ગણાતી દવા મોનો ફોટોફોસનું પ્રમાણ અલગ અલગ વિસ્તારના નાળિયેર પાણીના નમૂનાઓમાં દેખાયું છે. આ જંતુ કેન્સર સહિતના રોગોનું કારણ બની શકે છે. નાળિયેરમાં તે છે કે નહીં તે શોધવાની આ પેટન્ટ છે. આ સિવાય આગામી સમયમાં વધુ ત્રણ પેટન્ટ ફાઈલ કરવાની તૈયારી થઈ રહી છે.

● અબડાસા તાલુકાના ભાચુંડા બિટીયારી રવા, કોઠારા, ખીરસરા, સાંધવ, વાડાપધ્ધર વિગેરે ૧૨ થી ૧૫ ગામોની આઠ હજાર એકર પિયત જમીનમાં સૂરજમુખીનું વાવેતર કર્યા પછી ફાલ ન ઊતરતા ખેડૂતોએ નબળા બિયારણને કારણભૂત ગણાવ્યું છે. આ પિયત જમીન પર ૮૦ જેટલા ખેડૂતોએ વાવેતર કર્યું હતું. જેનો કોઈ ફાલ ન ઊતરતા ખેડૂતોના ખર્ચા માથે પડ્યા જેવો તાલ થયો છે. સૂરજમુખીના વાવેતર સમયે ૧૫ જાન્યુ.થી ફેબ્રુઆરી દરમ્યાન બિયારણની કૃત્રિમ અછત ઊભી કરાઈ હતી. રાજકોટથી સ્થાનિક વેપારીઓએ કાપડની થેલીમાં બિયારણ આપ્યું હતું. થેલી ઉપર ઉત્પાદકનું નામ, કિંમત વગેરે કંઈ દર્શાવેલું ન હતું એટલે ધોરી ધરાર ખેડૂતોને નકલી બિયારણ પધરાવી દેવામાં આવ્યું હશે. છેવટે તેનો ફાલ ન ઊતરતાં ઘણા બધા ખેડૂતો આર્થિક હાનિ તરફ ધકેલાયા છે.

● મુંદરા તાલુકાના ૧૧૦૦ની વસ્તી ધરાવતા વિરાણીયા ગામે ગત વર્ષે વન અને પંચાયત વિભાગના સંયુક્ત ઉપક્રમે ગામના ગંદા ગટરના પાણીનો ઉપયોગ કરીને નદીના પટમાં ખરાબાની જગ્યામાં ૭૫ એકર જમીનમાં ૧૯ હજાર વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ વૃક્ષના જતન સાર સંભાળ સાથે ઉછેરનું કામ ગામના જાગૃત નાગરિકોએ કરી બતાવ્યું છે. તેની સંપૂર્ણ જવાબદારી ગ્રામ પંચાયત દ્વારા લેવામાં આવી છે. વૃક્ષોને સમયસર પાણીને ખાતર મળી રહે તેની યોગ્ય સંભાળ લેવાય છે.

● અબડાસા તાલુકાના છાડુરા ગામના અને વલસાડમાં રહેતા દાતા દિપેશભાઈ અરવિંદ ગજરા દ્વારા વિવિધ જ્ઞાતિની ૧૬૧ જેટલી કન્યાઓના સમૂહલગ્નમાં કન્યાદાન કર્યું હતું. સર્વ જ્ઞાતિય સમૂહલગ્નમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવદંપતીઓને આશીર્વાદ પાઠવી કચ્છી દાતાની દિલેરીને બિરદાવી હતી. સમૂહમાં નવદંપતિઓને નાની મોટી ૩૦ જેટલી વસ્તુઓ અપાઈ હતી. જેમાં સોનાનું મંગળસૂત્ર, કબાટ, પંખો વિગેરેનો સમાવેશ હતો. દાતા દિપેશભાઈ તથા હિતેશભાઈ ગજરાનું મુખ્યમંત્રીએ સન્માન કર્યું હતું. દાતા ગં.સ્વ.શાંતાબેન અરવિંદ ગજરા પરિવાર દ્વારા રાતા તળાવ વાલરામજી પાંજરાપોળને રૂા.૫૧ લાખના દાન ઉપરાંત કોરોના કાળમાં બાયપેપ મશીન ઓક્સિજન કન્સીંડેટર અપાયા હતા. તેમના પરિવાર દ્વારા કોઈપણ સામાજિક પ્રવૃત્તિમાં નાત જાતના ભેદભાવ વગર દાનની સરવાણી વહાવવામાં આવે છે


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)